

## સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*(રજત જયંતી વર્ષ)*

*શિક્ષક મિત્રો! રસોડામાં બેસી અપવાસ ન થાય!*
*ઉઠાં ભણાવો તો છો, પણ જોજો! ઉપહાસ ન થાય!*
*લેતી નથી 'માં' પણ ખોળે, બાળકને રડયા સિવાય -*
*પંજાબી ખેડૂ જેવી પરીક્ષા વિના 'ગ્રેડ' પાસ ન થાય!!*
*(શિક્ષકો, ઘરમાં-પરિવાર સાથે ઘરણાં કરશે!! વાહ!!)*

હાઈકુ

*ખાઈ-'પી' પછી -*
*ચોવીસ કલાક ના -*
*થાય જ છે ને!*
*(અપવાસનાં નાટક)*

*છે આવશ્યક -*
*'પાસ' થવા માટે તો -*
*તપ ને ત્યાગ...*
*(તંત્ર તો મૂંગું-બહેરું છે જ)*

### ચિંતન

**સમાની વ આકૂતિઃ સમાના હૃદયાનિ વઃ ।**
**સમાનમસ્તુ વાં મનો યથા વ સુસહાસતિ ॥**

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

બધા લોકો એક સરખા સંકલ્પવાળા બનો. બધાનાં હૃદય એક બનો અને મનમાં ઐક્ય સ્થપાઓ, જેથી કોઈ દુઃખી ન રહે.

સંગઠનનો મહિમા અપરંપાર છે. સમાજમાં પ્રતિષ્ઠઇત મનુષ્ય તરીકે જીવંત રહેવા માટે લોકકલ્યાણની ભાવનાથી તરબોળ થયેલા મનુષ્યો સંગઠિત થઈને કાર્ય કરે.

જયાં વિચારોની એકતા હશે ત્યાં બધાનું લક્ષ્ય અને સાધ્ય એક જ હશે. તે એક લક્ષ્ય જ બધાને એક માળામાં બાંધી રાખવામાં સમર્થ બનશે. સ્વસ્થ અને જીવંત સમાજના ઘડતર માટે આત્મબળના પ્રચંડ તેજવાળા મનુષ્યોનું સંગઠન જ આધારભૂત સાબિત થઈ શકે.

### સુવિચાર

- જો કટ ગઈ વો ઉમ્રથી સાહબ, જીસે જી લીયા, બસ ઉસે જિંદગી કહીયે - **અસલમ જહાંગીર**
- પવન છે, આપણી ઈચ્છા મુજબ તો વાય નહીં, જગત વિશે તો કંઈ પણ કહી શકાય નહીં - **જીવનપાથેય**
- ભટકતું મન જે પળે સ્થિર થયું તે જ સાચી પ્રાર્થના - **રાજેશ વ્યાસ**
- ખરી સમાધિ કોને કહેવાય? નિરંતર જાગૃત હોય તેને, બહારનું ભાન જતું રહે એને સમાધિ ન કહેવાય, એને નિંદ્રા કહેવાય - **આપ્તસૂત્ર**
- મુક્તિ એટલે જીવનમાંથી મુક્તિ નહિ, મુક્તિ એટલે જન્મ-મરણમાંથી મુક્તિ નહિ. મુક્તિ એટલે અવિદ્યામાંથી અને તજજન્ય રાગદ્વેષમાંથી મુક્તિ - **જનકલ્યાણ**
- સાચો પ્રેમ અને સાચી પૂજા બારાખડીના બાવન અક્ષરોની બહારની વાત હોય - **રાજેશ વ્યાસ**
- આજનું ઔષધ : જામફળની સીઝનમાં રોજ એક જામફળ ખાવાથી પેઢાના રોગો મટે છે અને દાંતના રોગો થતા નથી.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

નાણાં કરતાં પણ સમય મોટો છે. બધા કામ નાણાંથી થતાં નથી. જે કામ 'સમયસર' થઈ જાય તો જ કામના નહીં તો નાણું પણ સમય આવ્યે કામમાં આવતું નથી. એક શેઠની મોટી ઉંમરે દીકરો આવ્યો. શેઠને દીકરો ખૂબ વહાલો. ખૂબ લાડ લડાવે. સ્કૂલે મૂકવાના દિવસો આવ્યા. પણ શેઠનું મન માને નહીં. અને શેઠાણીને સમજાવે. 'શું ઉતાવળ છે, જરા મોટો થાય પછી ભણાવીશું.' શેઠે શાળામાં દીકરાનો મૂક્યો નહીં. સમય વીતવા લાગ્યો. બે-ત્રણ વરસ આમને આમ નીકળ્યા. આવડો મોટો છોકરો પણ એને લખતાં વાંચતા આવડે નહીં. એની ઉંમરના છોકરા કો તો ત્રણ ધોરણ પાસ કરીને ચોથા ધોરણમાં આવી ગયા. ગામના સૌ શેઠને પૂછતા પણ ગરીબ પ્રજાજનોની વાત ધનિક શેઠ ટાળી દેતા. એક દિવસ એમને એના દીકરાના મિત્રોને બાજુના ગામમાં ચાલતી ગણિતના ઘડિયા અને પલાખાની હરિફાઈમાં ઈનામ લઈને આવતા જોયા શેઠને ભૂલ સમજાઈ. શેઠ દીકરાને શાળામાં દાખલ કરવા લઈ ગયા. અને આચાર્યને કહ્યું, 'હું પૈસા આપવા તૈયાર છું પણ મારા દીકરાને ચોથા ધોરણમાં પ્રવેશ આપો.' આચાર્યએ સ્પષ્ટ ના પાડી. જે ચાર વર્ષ પહેલાં નાણા આપ્યા વગર કરવાનું હતું. હવે નાણાં આપ્યા પછી પણ શક્ય નહોતું. સાર એ છે કે જે સ્વાસ્થ્ય અને સમય ગુમાવ્યા પછી પાછાં આવતાં નથી માટે યોગ્ય સમયે એની માવજત થાય એ જ સારું.

# 'બંધ'-કલ્ચરને બંધ કરવું હિતાવહ

*તંત્રીસ્થાનેથી...*

લોકશાહી રાષ્ટ્રમાં વિરોધ કરવાની સ્વતંત્રતા એ નાગરિકનો અધિકાર છે, પરંતુ જયારે દેશ આખો કોરોનાના સકંજામાં સપડાયેલો હોય અને અર્થતંત્ર તરફડતું હોય ત્યારે આવા અધિકારનો ઉપયોગ કરવો અનિચ્છનીય જ ગણાય. ખેડૂત તો 'જગતનો તાત' મનાયો છે. એની પરિશ્રમી જીવનશૈલી સામે વાતાનુકૂલિત ચેમ્બરોમાં બેસી 'વહીવટ' કરનારા સાહેબ લોકો, નેતાઓ કે અભિનેતાઓ કશી વિસાતમાં નથી. એ કણમાંથી મણ પકવી બાકીની પ્રજાનું પેટ ભરતો હોવા છતાં સુવિધાઓ અને માનમોભાથી વેગળો જ રહેતો હોય છે. સરકારો એની આ સહનશીલતાને નબળાઈ ગળતી હોય તો એ કાલાંતરે નુકશાન જ વહોરશે. એ પણ સાચું કે ખેડૂતના નામે કેટલાંક વિપક્ષો, રાજકારણ રમતાં રહે છે. ખેડૂત સમાજમાં પણ નાનાં, સીમાંત ખેડૂતો, મધ્યમ કક્ષાના ખેડૂતો અને જમીનદારો જેવા સમુદાય છે. જેની પાસે પોતાની માલિકીની જમીન નથી અને ખેત મજૂરી પર નભે છે એવો એક વિશાળ સમુદાય પણ ગ્રામીણ ભારતની વસતિનો મહત્વનો હિસ્સો છે. ખેતીપ્રધાન દેશને ક્રમશઃ ઉદ્યોગપ્રધાન બનાવવાની કવાયત આઝાદી પછી તરત જ શરૂ થઈ હતી જે અત્યારે ઘણી આગળ પહોંચી હોવા છતાં દેશની સિત્તેર ટકા વસતિ સીધી કે આડકતરી ખેતી અને ખેડૂત પર અવલંબે છે. શહેરીકરણ થતાં ખેતીની જમીન ઓછી થતી જાય છે છતાં ખેતપેદાશ વધતી રહે છે. એની પાછળ વર્તમાન ખેડૂત પેઢીનો વૈજ્ઞાનિક અભિગમ પડેલો છે. પંજાબ અને હરિયાણા વસતિ અને વિસ્તારમાં નાનાં રાજયો હોવા છતાં દેશ આખાની અનાજની જરૂરિયાત પૂરી પાડતાં રહ્યાં છે. આપણો દેશ કયારેક અમેરિકાનાં આયાતી ઘઉં ખાતો હતો એને ઠેકાણે આપણે અન્ન અને કઠોળ કે તેલીબિંયાની નિકાસ કરી શકીએ એવી યશસ્વી સ્થિતિમાં પહોંચ્યા છીએ. કેન્દ્ર સરકારે શુભ દાનતથી જ ખેડૂતની આવક વધે એ માટે મંડી બજારોના નિયંત્રણમાંથી ખેડૂતને મુક્ત કરતા અને એની મરજી મુજબ સીધું જ વેચાણ કરવાની અનુકૂળતા કરી આપતા સુધારા ઉતાવળે પસાર કરી પરંપરાગત પદ્ધતિને વરેલા ખેડૂત સમાજમાં ભારે દહેશતનું વાતાવરણ ઊભું કરી દીધું છે. વિપક્ષોએ ખેત સુધારણા બિલને ચર્ચા માટે પ્રવર સમિતિને સોંપવાની માગણી કરેલી, જે સરકારે સ્વીકારી નહોતી. આથી સ્વાભાવિક રીતે જ મોટા ઉદ્યોગગૃહો સાથેની સરકારની જાણીતી સાંઠગાંઠની દહેશત ઊભી થઈ છે. ખેડૂત એની જમીન ગુમાવી બેસે અને આવાં ઉદ્યોગગૃહોની મરજી મુજબ એમનો ગુલામ બની રહે એ વાંછનીય ન જ ગણાય. જો કે સરકારના પ્રવક્તા રવિશંકર પ્રસાદ કહે છે એમ ખેડૂતોને એપીએમસીના સકંજામાંથી મુક્ત કરવાની મંશા ખુદ કોંગ્રેસનાં ઢંઢેરામાં વ્યક્ત કરાઈ હતી અને કૉન્ટ્રેકટ ખેતીનો અમલ તો મનમોહનસિંહ સરકારના શાસનકાળ દરમિયાન જ શરૂ થઈ ગયો હતો. શરદ પવાર પણ ખેતપેદાતો માટે ખુલ્લા માર્કેટની માગણી કરતા રહ્યા છે. અત્યારે મોદી સરકાર સામે પોતાની હયાતી દર્શાવવા ઘણા બધા વિપક્ષોએ ખેડૂત આંદોલનને અને એના આયોજકો દ્વારા પ્રેરિત ભારત બંધને ટેકો આપ્યો હોવાની ભાજપના નેતાઓની રજૂઆતમાં પણ તથ્ય છે. ખેડૂતોને ડર છે કે સરકાર ધીમે રહીને ટેકાના ભાવે ખરીદી કરતી બંધ થઈ જશે અને મંડીઓ ભાંગી પડતાં ખેડૂત ઉદ્યોગગૃહો આશ્રિત બની રહેશે. પ્રશ્ન કયાં ગૂચવાયો છે તે સરકારે પણ સમજવું જોઈતું હતું. દેશની રાજધાની સહિત અનેક રાજયોમાં હાઈવે પર ચાર કલાક ચક્કાજામ રહેશે એની કોરોનાગ્રસ્ત દેશના આરોગ્ય પર કેટલી માઠી અસર સરજાશે તે પણ વિચારવું જોઈતું હતું. બંધ કલ્ચર એ પ્રજાને બાનમાં લેવાની બિનલોકશાહી રીતરસમ છે. ગુજરાત સરકારે એનું સમર્થન નહીં કરીને શાણપણ દાખવ્યું છે, પરંતુ એ તો એટલા કારણસર કે બંધ કેન્દ્ર સરકારની કૃષિનીતિ વિરુદ્ધ બોલાવાયેલ છે. ખરેખર તો કાયદાથી જ બંધ - પ્રથા બંધ થવી જોઈએ. લોકશાહીનો અર્થ એ તો ન જ થવો જોઈએ કે પોતાની માગણીઓ મનાવવા આખા દેશની પ્રજાને મુશ્કેલીમાં મૂકવાનો અધિકાર મળી જાય છે.

# ખુશીઓ વહેંચવાથી વધે છે



નવાં કલેવર
નટવર હેડાઉ

કિર્તનભાઈ તેના છ વર્ષના દીકરા કુંજ અને ચાર વર્ષની દીકરી કવિશાને લઈ પંચદેવ મંદિરે ગયા. ત્યાં તેમણે ભગવાનનાં દર્શન કર્યા. અને પ્રસાદ ધરાવી પાછા મંદિરના પગથિયાં ઉતરી ચંપલ પહેરતા હતા.

તે વખતે દૂર ઉભેલા એક ફુગ્ગાવાળો તેમની નજીક આવી રહ્યો હતો. તેને જોઈ દીકરી કુંજે ફૂગ્ગો લેવાની જીદ કરી. નાની દીકરી કવિશા પણ રંગબેરંગી ફુગ્ગાઓને લલચામણી નજરે જોઈ રહી હતી. પરંતુ પપ્પાના ડરને લીધે કંઈ બોલી શકતી ન હતી.

મંદિરમાં ભક્તજનોની અવરજવર હતી. તેઓ પૂજા કરતા હતા અને જોરજોરથી મંત્રો બોલતા હતા. કોઈ વળી ઘંટનાદ કરતા હતા. ભગવાનને ભાવપૂર્વક પ્રસાદ ધરાવી ખુશ થતી કેટલીક સ્ત્રીઓ પણ આવનજાવન કરતી હતી.

સવારનો સમય હતો. સૂર્ય તેનો હુંફાળો તડકો વેરી રહ્યો હતો. કયાંક કયાંક થોડીવારે ઠંડી પવનની લહેરખી આવી જતી હતી.

કિર્તનભાઈએ ચંપલ પહેર્યા અને ચાલવા લાગ્યા, ત્યારે ફરી એકવાર કુંજે કહ્યું, 'પપ્પા ફૂગ્ગો અપાવો ને... આ કોરોના કાળમાં ઘેર એકલાં એકલાં હતાં એ બધાં રમકડાંથી રમી અને બોર થઈ ગયાં છીએ.'

'હાં પપ્પા, કુંજની વાત સાચી છે. તેને માની જાવને....' કવિશા બોલી.

આ સાંભળી કિર્તનભાઈનો પારો આસમાને ચડી ગયો. તે બોલ્યા, 'તમને જે વસ્તુ દેખાય તે લેવાની જીદ કરો છો. હું તમને એ નહીં અપાવું. લો આ પ્રસાદ ખાવ અને છાનામાંના ઘેર ચાલો.' દીકરો વધુ જીદ કરવા લાગતાં કિર્તનભાઈએ તેને થપ્પડ મારી દીધો. કુંજ રડવા લાગ્યો. તેની સાથે કવિસા પણ ભાઈને રડતો જોઈ રડવા લાગી.

ફુગ્ગાવાળો બધાં બાળકોને ફુગ્ગા આપતો હતો. તે પિતાની વાતો અને બંને બાળકોના રડવાનો અવાજ સાંભળી નજીક આવ્યો. બંને બાળકોને ફુગ્ગા હાથમાં આપતાં તેના પિતાને કહેવા લાગ્યો, 'અપાવો દો ને, બાળકો છે, તેઓ નહીં તો શું આપણે....'

તેને વચ્ચે અટકાવતાં કિર્તનભાઈ બોલ્યા, 'હું તમારા જેવા લોકોની ચાલાકી સારી રીતે સમજું છું. પોતાનો ધંધો... તમે જે છોકરાઓને બગાડો છો... અમારે ફુગ્ગા જોઈતા નથી. પાછા લઈ લો...'

ફુગ્ગાવાળો બાળકોના હાથમાં ફરીથી ફુગ્ગા પકડાવતાં બોલ્યો, 'હું આ ફુગ્ગા વેચવા નથી આવતો, ફ્રીમાં વહેંચવા આવું છું. એક દિવસ મને કોઈએ એ વાતનો અહેસાસ કરાવ્યો કે ભગવાન તો બાળકોમાં જ છે. તેથી હું હવે દર સોમવારે સો રૂપિયાના ફુગ્ગા લઈ તેમાં જાતે હવા ફરી એક ફુગ્ગો મંદિરમાં બાંધી આવું છું. અને બાકીના બાળકોને વહેંચી દઉં છું. મારા માટે તો એ પ્રસાદ છે. ભગવાન તેનો સ્વીકાર તો કરતા હશે ને?'

કિર્તનભાઈ આ સાંભળી સ્તબ્ધ રહી ગયા. અને પોતાના મનમાં વિચારવા લાગ્યા, કે મેં જે પ્રસાદ ભગવાનને ચડાવ્યો છે તે આ ફુગ્ગાવાળાના પ્રસાદ પાસે કંઈ જ ન કહેવાય.

કિર્તનભાઈ એ ફુગ્ગાવાળાની માફી માંગી અને બાળકો સાથે ઘર તરફ જવા નીકળી પડયા. બાળકો આખે રસ્તે ફુગ્ગાથી રમતાં રાજીના રેડ થતાં મોજમજા અને ધીંગામસ્તી કરતાં ઘેર પહોંચ્યા.

આ બાળકોને ખુશ થતાં જોઈ ફુગ્ગાવાળાને ખુબ સંતોષ થયો. કોઈએ સાચું જ કહ્યું છે કે ખુશીઓ વહેંચવાથી વધે છે. બાકી બીજે કયાંયથી મળી શકતી નથી.

# આપણાં ઔપચારિક સંબંધોને માત્ર ઔપચારિક જ ના રહેવા દઈએ



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

એક સરકારી અધિકારીની એક શહેરમાં બદલી થઈ. એક ફલેટમાં ઘર રાખ્યું. અધિકારી પોતાના કુટુંબ સાથે પહેલા માળે રહે. તેની ઉપરના બીજા માળે એક કુટુંબ રહે. એ કુટુંબમાં બે ભાઈઓ, એક બહેન અને તેઓના મા-બાપ. ત્રણેય ભાઈ બહેનો પરણવા માટેની ઉમર વટાવી ચૂકેલા. પેલા સરકારી અધિકારીનાં કુટુંબને થોડા સમયમાં જ મોટાભાગના પાડોશીઓ જોડે સારા સંબંધો બંધાઈ ગયા પણ પેલા કુટુંબ સાથે માત્ર ઔપચારિક સંબંધો જ બંધાઈ શક્યા, એ પણ ઘણા સમય પછી. એ ઔપચારિક સંબંધો પણ એવા કે પોતાના ઘેર આવતા-જતાં ક્યારેક પેલા કુટુંબના બે ભાઈઓમાથી કોઈ એકાદ મળી જાય તો માત્ર "હાય-હલ્લો," થાય. ક્યારેક "કેમ છો-મજામાં" જેટલી જ વાતચીત થાય તો ક્યારેક બે મિનિટ ઊભા રહીને એક બીજાના ખબર અંતર પૂછે. એ અધિકારી એ ફલેટમાં લગભગ બે વર્ષ રહ્યા છતાં માત્ર તે એક જ કુટુંબ સાથે કોઈપણ કારણસર સંબંધો આગળ વધી શક્યા નહીં.

એક દિવસ વહેલી સવારે પેલા અધિકારીને ખબર મળ્યા કે પેલા કુટુંબનાં વડીલ સભ્ય એટલે કે પેલા બન્ને ભાઈઓના પિતાશ્રીનું અવસાન થયું છે. પાડોશી ધર્મના નાતે એ અધિકારી તે કુટુંબના ઘરે જવા માટે પોતાના ઘરથી નિકળ્યા. તેમને થયું કે ચાલ, બે ચાર પડોશીઓને પણ દુઃખદ સમાચાર આપું અને સ્મશાન યાત્રામાં જોડાવા માટે વિનંતી કરું જેથી શોકગ્રસ્ત કુટુંબને થોડું આશ્વાસન મળે. એ અધિકારી બે ત્રણ પડોશીઓને ઘેર પોતે રૂબરૂ ગયા અને પેલા વડીલનાં મૃત્યુનાં દુઃખદ સમાચાર આપ્યા. એ સમયે મોટાભાગના પડોશીઓનો સૂર એવો નીકળ્યો કે તેઓને તો એ કુટુંબ સાથે માત્ર "કેમ-કેમ નહીં " જેવા ઔપચારિક સંબંધો જ છે અને પોતાની પાસે સમય પણ નથી એટલે સ્મશાન યાત્રામાં સામેલ થઈ શકે એમ નથી. એ સમયે પેલા અધિકારીને આઘાત તો લાગ્યો પણ એવું વિચારીને આશ્વાસન પણ લીધું કે 'ચાલો, આ કુટુંબ સાથે માત્ર મારે જ નહીં, અન્ય પાડોશીઓને પણ માત્ર ઔપચારિક સંબંધો જ છે. આમ સંબંધો આગળ વધી શક્યા નહીં એમાં કદાચ મારો દોષ નથી".

ઔપચારિક સંબંધો માત્ર ઔપચારિક જ હોય છે. એ સંબંધોમાં કોઈ જ પ્રકારના સામાજિક વ્યવજારો થતાં નથી અને એવા વ્યવહારોની જરૂર પણ રહેતી નથી.

આપણે ઘણીબધી વ્યક્તિઓ સાથે વિવિધ પ્રકારનાં અને વિવિધ નામનાં સંબંધોથી જોડાયેલા હોઈએ છીએ. આપણાં પ્રત્યેક સંબંધો અંગત નથી હોતા. પ્રત્યેક સંબંધ અંગત હોય એવું શક્ય પણ નથી અને પ્રત્યેક સંબંધ અંગત જ હોય એવું પણ જરૂરી નથી. બધા જ સંબંધો ઘનિષ્ઠ નથી હોતા. બધા જ સંબંધોમાં સ્નેહ કે પ્રેમ જેવી લાગણીઓ નથી હોતી. કેટલાક સંબંધો માત્ર ઔપચારિક જ હોય છે. ઓફિસિયલ જ હોય છે. કામ પૂરતા જ હોય છે અથવા તો માત્ર " હાય-હેલ્લો" કરવા પૂરતાં કે માત્ર સ્મિત આપવા પૂરતા જ હોય છે.


આપણે સૌ જાણીએ છીએ કે કેટલાક સંબંધોને કોઈ જ નામ નથી હોતું છતાં એ સંબંધો અંગત અને ગાઢ બની જતાં હોય છે. એવી જ રીતે કેટલાક ઔપચારિક સંબંધોને પણ નામ નથી હોતું. અલબત, એવા સંબંધોને નામ આપવાની જરૂરિયાત પણ નથી હોતી.

કોઈ બે વ્યક્તિ વચ્ચે, ક્યારેક કોઈ સંબંધો શરૂઆતમાં કોઈ એકાદ બે કામ પૂરતા વિકસતા હોય છે. એ કામ પૂરું થઈ જાય એટલે ક્યારેક એ સંબંધોનો અંત આવી જતો હોય છે અને ક્યારેક એ સંબંધો માત્ર ઔપચારિક બનીને રહી જતાં હોય છે.

આપણે આપણી આસપાસ નજર કરીએ તો, આપણાં સંબંધોનાં વિશ્વનું વિહંગાવલોકન કરીએ તો આપણને ખ્યાલ આવશે કે આપણાં ઘણા બધા સંબંધો એવા હોય છે જે માત્ર ઔપચારિક જ હોય છે. એ સંબંધો આપણાં પાડોશીઓ સાથેના હોય શકે, એ સંબંધો આપણાં સહ-આધ્યાયીઓ સાથેના હોય શકે, એ સંબંધો આપણાં સહકર્મચારીઓ સાથેના હોય શકે, એ સંબંધો આપણી સાથે રોજ મુસાફરી કરતાં હમસફરો સાથેના હોય શકે, એ સંબંધો માર્કેટ કે શાકભાજીની લારી ઉપર વારંવાર મળતી વ્યક્તિઓ સાથેના હોય શકે, એ સંબંધો મંદિરે મળતા સહ-દર્શનાર્થીઓ સાથેના પણ હોય શકે. એ ઔપચારિક સંબંધો કદાચ વર્ષોથી હોય પણ એ સંબંધો જ્યાં હોય ત્યાંથી ક્યારેય આગળ વધી જ શક્યા જ નાં હોય. આવું બનવાનું કારણ એ હોય છે કે બન્ને વ્યક્તિના મન અને હૃદયમાં પહેલેથી જ જામેલો બરફ એ સંબંધોમાં ક્યારેય આગળ્યો જ નથી હોતો.

ઔપચારિક સંબંધોમાં કદાચ એવું બનતું હોય કે બન્ને પક્ષે સંબંધોને વિકસાવવાની તીવ્ર ઈચ્છા તો થતી હોય, પણ સવાલ મોટો એ હોય છે કે એ સંબંધોને વિકસાવવા માટે પહેલ કોણ કરે? બન્ને વ્યક્તિના મન અને હૃદયમાં અને બન્ને વચ્ચે જામેલા બરફનાં મોટા પહાડને તોડીને પીગળાવે કોણ? બંને વ્યક્તિ મનમાં ને મનમાં કદાચ એવું ઈચ્છતી હોય કે "પહલે આપ" પણ એવું એકબીજાને કહી શકતા નથી. આમ "પહલે આપ, પહલે આપ" કરતાં કરતાં ક્યારેક સંબંધોની ગાડી છૂટી જતી હોય છે. બંને વ્યક્તિની મનની મનમાં જ રહી જતી હોય છે. આ પ્રકારના સંબંધોને આગળ વધારવા માટે બન્નેમાંથી કોઈ એક વ્યક્તિએ તો આગળ ડગલું માંડવું જ પડે. એવું જો ના થાય તો એ સંબંધો ત્યાં ને ત્યાં જ અટકી જતાં હોય છે. ઔપચારિક સંબંધોમાં બન્ને વ્યક્તિ વચ્ચે વધુ ઓળખાણ ક્યારેય થઈ શકતી નથી કારણકે બન્ને વ્યક્તિમાંથી કોઈ વ્યક્તિ એકબીજાને ઓળખવા પ્રયત્ન જ નથી કરતી હોતી.

# ભ્રષ્ટાચારમાં ભારત એશિયામાં સૌથી વધુ આગળ, શું કરીશું?



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

પ્રધાનમંત્રીની નેમ છે સબકા સાથ સબકા વિકાસ અને દેશ માટે ઉમદા સ્વપ્નો લઈ સતત્ પ્રયાસો કરી રહ્યા છે પરંતુ આ આપણી જનતા જેમ કોવિડ-૧૯ની લડાઈમાં કરી છે તેવું જ અન્ય બાબતે પણ અનુચિત જીવનશૈલીથી જીવે છે એટલે પરિણામ સ્વરુપે જે આયોજન કર્યું હોય તે મુજબ થઈ શકતું નથી. લોકશાહી મળી ગઈ અને તે જેમના પ્રયાસોથી મળી તે પેઢી પણ વિદાય થઈ ગઈ અને હવે સદીમાં જો લોકો જીવનમાં પ્રવાહમાં ઉમેરાઈ રહ્યા છે એ માત્ર મોજશોખ, મસ્તી-મજા અને સુખની અવિરત શોધમાં રાચે છે. જેમની પાસે નથી નક્કર કોઈ આદર્શ કે નવી કર્મયોગની ઊંચાઈ અને એ પણ સચ્ચાઈની સાથે એટલે જીવનમાં બધુ જ યોગ્ય લાગે છે જે હકીકતમાં સદ્વૃત્તિ કે કર્મથી દૂર જ હોય છે. ટ્રાન્સપેરન્સી ઈન્ટરનેશલ રિપોર્ટ હાલમાં પ્રસિદ્ધ થયો એ ચિંતા ઉપજાવે છે કેમ કે, દેશમાં લાંચનું પ્રમાણ સૌથી ઊંચુ એટલે ૩૯ ટકા નોંધાવામાં આવ્યું છે. ભારતમાં ૫૦ ટકા પાસે લાંચ માંગવમાં આવે છે. ૮૯ ટકા ભારતીય નાગરિકો માને છે કે સરકારી ભ્રષ્ટાચાર દેશની સૌથી મોટી સમસ્યા છે. પાયાની સુવિધા માટે પણ લાંચ આપવી પડે છે. સરકારી સેવાઓમાં ભારતને નિર્બળ દેશ બનાવી દે છે. ૬૩ ટકા લોકો એવું પણ માને છે કે તેઓ જો ભ્રષ્ટાચાર વિરુદ્ધ અવાજ ઉઠાવશે તો તેઓની સામે બદલાની ભાવનાથી કામ કરાશે!! જુન-જુલાઈ ૨૦૨૦માં આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો જેમાં એમ પણ કહેવાયું છે કે ૩૨ ટકા લોકોએ પોતાના અંગત સંબંધોનો ઉપયોગ કરી સરકારી સુવિધાઓ પ્રાપ્ત કરવા માટે લાંચ ચૂકવી હતી. પ્રજા એમ પણ માની રહી છે કે ભ્રષ્ટાચાર વિરોધી એજન્સીઓ કામ સારું કરી રહી છે. ૧૧ ટકા ભારતીયોને કોઈ કામ કરાવવામાં બદલામાં સેક્સ પણ ઓફર કરવું પડે છે! ટૂંકમાં ભારત એશિયાાં લાંચની બાબતે પ્રથમ ક્રમમાં આવી ગયું છે કે જયાં લોકો પુષ્કળ ધર્મ - ઈશ્વર - કર્મ - કથાની વાતો ગર્વથી કહે છે અથવા સાંભળે છે આ બધી કડવી હકીકત છે. લાંચ અત્યંત ધૃણાપાત્ર હોવા છતાં બહુધા લોકો તેની ઝંખના સાથે જીવે છે અને વર્તે છે એટલે જ ભ્રષ્ટાચાર બંધ થતો નથી! ભ્રષ્ટ આચારમાં લાંચ ટોચ ઉપર છે અને તેના ઘણા પ્રકાર છે. કામ નહીં કરવું કે કામ કરી જ આપવું, કામ રોકવું, બદલામાં કંઈક લેવાની વૃત્તિ, વગેરેએ અંતે માનવને અત્યંત પીડા ઉમજાવે છે તેમ છતાં આ બાબતે બધા નિષ્ફળ છે કારણ કે બધાં ને મેળવી જ લેવું છે એ જ મુખ્ય કારણ છે. કોઈ ઉપદેશ કે આદેસ લાંચ સામે હથિયાર બની શકતા નથી. વગર પુરુષાર્થનું લઈ લેવમાં પણ સત્તાધારકો વચ્ચે સ્પર્ધા જોઈને કદાચ ઈશ્વર પણ મનોમન દુઃખી થતો હશે !

ભય ભૂખ અને ભ્રષ્ટાચાર મુક્ત ભારતનું સ્વપ્ન અત્યંત ઉમદા છે જે વોટમાં ઉપયોગી જરૂર થાય પરંતુ જીવનમાં લોકો એ પામી શકતા નથી. કારણ કે હક્ક વિના લેવાય નહીં અને ઈશ્વર કર્મ જોઈ રહ્યો છે એ બાબતે કોઈ વિચારવા તૈયાર જ નથી. મહામારીમાં પણ બનાવટી સેનીટાઈઝર્સ અને ઈન્જેકશનો વેચાયા હતા અથવા માસ્ક મોંઘા વેચાયા હતાં. ભારતવાસી હરકોઈ ભોગવાઈ માનસિકતામાં ડૂબી ગયેલો જમીર હીન ઈન્સાન બનીને જીવે છે. તે શંકા વિનાની કડવી સચ્ચાઈ છે. રાજેન્દ્ર શુક્લનો મજાનો શૅર સમજવા જેવો છે :

'મનને સમજાવો નહીં કે મન
સમજતું હોય છે
આ સમજ આ અણસમજ
એ ખુદ સર્જતું હોય છે!'

આપણા દેશમાં કંઈ પણ ઘટના બને તો તંત્રની નિષ્ફળતા ઉપર દોષ કાઢવાનો રિવાજ કે શૈલી ઊભા થયા છે. પરંતુ સિસ્ટમ ફેલ્યોર શા માટે અને વારંવાર થાય છે તે વિશે મનોમંથન થતું જ નથી! સિસ્ટમ સડી જાય જયારે માનવ દિમાગમાં સડો દાખલ થઈ જાય છે. લાલચ, લોભ, મનોવૃત્તિ બધું એટલું પ્રબળ બની ગયું છે એ ડિલીટ થઈ શકતું નથી. નીતિ-નિયમોને અસ્પષ્ટ, અપૂર્ણ અને અધુરા રાખવા એ લાંચ માટેનો હાઈવે બની જાય છે. જો પારદર્શિતા જ ઊભી કરવી હોય તો સરળીકરણ જરૂર રાખવું પડે અને આ બાબત ટેક્સ પદ્ધતિમાં સો ટકા લાગુ પડે છે એવું જ અન્ય સરકારી વિભાગોમાં પણ જોવા મળે છે. જેના લીધે વ્યક્તિ કંટાળીને લાંચનો વિકલ્પ અમલમાં મુકે છે. સુરક્ષા તથા મહેસૂલ વિભાગ લાંચનો વિકલ્પ અમલમાં મૂકે છે. સુરક્ષા તથા મહેસૂલ વિભાગ લાંચની બાબતમાં અગ્રક્રમે છે. સત્તા મળી છે તો કામ કરવું જ પડે પણ એ લોકસેવાની એક અમૂલ્ય તક પણ છે એમ સમજીને જો તંત્ર ચાલે તો લાંચ બંધ થઈ શકે!! સત્તા ને સંપત્તિ ઊભી કરવાનું સાધન માનવાની વિચારધારા રોકવી ખૂબ જરૂરી છે. લાંચ વિના કામ કરી બતાવો તો આ દેશ વિશ્વમાં ઉત્તમ દેશ છે. કેટલીક બાબતોમાં પરિવાર કામ લાગે તો કેટલીક બાબતોમાં સરકારે ધ્યાન રાખવું પડે તો પરિણામ સુધરી શકે છે. જાગેલા પાસે પણ જાગૃતિ ના હોય એ સ્થિતિ દયનીય છે.

તું ખુદમાં લખી જો ફક્ત એક કાનો
પછી તું ખરેખર ખુદા થઈ જવાનો

હાલમાં જ ૧૦૭ દેશોનો ગ્લોબલ હંગર ઈન્ડેક્સનો જે રિપોર્ટ આવ્યો છે. તેમાં દુનિયાનાં ભૂખ્યા અને કૂપોષિત દેશોની યાદીમાં ભારત ૯૪માં સ્થાન પર છે. માત્ર ૧૩ દેશો ભારતના નંબરની નીચે છે! આ રિપોર્ટ ચિંતા કરાવનાર છે. સરકારે તેમાં ઉપાયો કરવા જ પડે કારણ કે જઠરાગ્નિ બધા પાપ કરાવી શકે છે. મજબૂત દેશના પાયામાં મજબૂત નાગરિકો અવશ્ય જોઈએ અને ત્યારબાદ આ નાગરિકો નીતિ - ન્યાય - સદ્કર્મમાં શ્રદ્ધા ઊભી કરે તેવી સિસ્ટમને ગોઠવવી જ પડે જે દેશને મહાન બનાવી શકે છે.

જીવનની પ્રાથમિક જરૂરિયાતોમાં કોઈ જ સમાધાન નહીં એ બધાં જ નાગરિકોને પ્રાપ્ત થાય એ જરૂરી છે. આ સિવાય જો ધ્યાન આપવામાં આવે નહીં તો લાંચવૃત્તિ આગળ વધી કૌભાંડો ને ઉત્પન્ન કરે છે. બધા એ સુધરવાના સંકલ્પ કરવા પડે તો જ ભારત વિશ્વમાં મહાન દેખાશે. ધર્મ અને કર્મની માત્ર વાતો કરવાથી કંઈ પ્રાપ્ત થશે નહીં એ નક્કી છે.

**શેર આસ્વાદ :**

**दुनिया में सबसे वजनदार चीज मतलब है**
**यह निकलते ही सारे रिश्ते हल्के पड जाते है**